


**Hello Kids,**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

# જાદુઈ માઈક્રોસ્કોપ અને અદ્રશ્ય દુનિયા



એક સુંદર ગામમાં આયાન નામે એક બહુ જ જિજ્ઞાસુ અને દિલચસ્પ છોકરો રહેતો હતો. તેને આસપાસની નવી નવી વસ્તુઓ જાણવાનો અને અવનવા પ્રયોગો કરવાનો ભારે શોખ. પણ આયાનની એક ખરાબ ટેવ હતી–બહારથી રમીને આવે કે રમકડાંથી રમીને નવરો પડે, તોપણ હાથ ધોયા વગર જ સીધો ખાવા બેસી જતો. મમ્મી તેને રોજ ટોકે, “બેટા આયાન, હાથ ધોઈને ખાવા બેસ, હાથમાં કીટાણુઓ હોય!”




**આયાનના આઠમા જન્મદિવસે તેના દાદાજી, જે એક નિવૃત્ત સાયન્સ ટીચર હતા, તેના માટે એક ખૂબ જ ખાસ ભેટ લાવ્યા**

પણ આયાન મનમાં વિચારતો કે, “હાથ તો સાફ જ દેખાય છે, પછી શા માટે હાથ ધોવાના?”

આયાનના આઠમા જન્મદિવસે તેના દાદાજી, જે એક નિવૃત્ત સાયન્સ ટીચર હતા, તેના માટે એક ખૂબ જ ખાસ ભેટ લાવ્યા. પેકિંગ ખોલ્યું તો અંદરથી એક ચમકતું સાધન નીકળ્યું. આયાને નવાઈ પામીને પૂછ્યું, “દાદાજી, આ શું છે?” દાદાજીએ હસીને કહ્યું, “આયાન, આ ‘જાદુઈ માઈક્રોસ્કોપ’ છે! આનાથી તું એક એવી અદ્રશ્ય દુનિયા જોઈ શકીશ જે આપણી આસપાસ જ છે, પણ આપણી ખુલ્લી આંખોથી ક્યારેય દેખાતી નથી–એ છે જીવાણુઓ એટલે કે માઈક્રોઓર્ગેનિઝમ્સની દુનિયા!”

આયાન તો બહુ ઉત્સાહમાં આવી ગયો. તેણે તરત જ પૂછ્યું, “દાદાજી, આ અદ્રશ્ય દુનિયા કેવી રીતે જોવાય?” દાદાજીએ આયાનને બગીચામાંથી રમીને આવ્યા પછી તરત જ બોલાવ્યો અને તેના અણધોયેલા હાથ પર પાણીનું એક નાનું ટીપું મૂકીને કાચની પટ્ટી પર લીધું. પછી તે પટ્ટીને માઈક્રોસ્કોપ નીચે ગોઠવી. આયાને જેવી માઈક્રોસ્કોપના કાચમાંથી આંખ પરોવી, તે તો આશ્ચર્યથી ઉછળી પડ્યો! “અરે બાપ રે! આ શું છે?”

તેણે જોયું તો પાણીના એ નાના બુંદમાં હજારો નાના-નાના અરીસો જેવા જીવો તરી રહ્યા હતા! કેટલાક ગોળ-ગોળ દડા જેવા ફાંદાળા હતા, તો કેટલાક લાંબી વાંસળી જેવા. કેટલાક જીવાણુઓ તો એકબીજા પર કુદકા મારી રહ્યા હતા અને જાણે હાથ પર નાચી રહ્યા હતા.

દાદાજીએ સમજાવ્યું, “બેટા આયાન, આ તારા ગંદા હાથ પર રહેલા હાનિકારક બેક્ટેરિયા અને વાયરસ છે! જ્યારે તું હાથ ધોયા વગર ખોરાક ખાય છે, ત્યારે આ બધા પેટમાં જતા રહે છે અને તને પેટમાં દુખાવો, તાવ કે ઉલટી-ઉબકા જેવી બીમારીઓ આપે છે.”

આયાન ડરી ગયો, “દાદાજી, તો શું બધા જીવાણુઓ ખરાબ જ હોય છે?”

“ના, બેટા!” દાદાજીએ સ્મિત કર્યું અને રસોડામાંથી તાજા દહીંનું એક નાનું ટીપું લાવીને માઈક્રોસ્કોપ નીચે મૂક્યું.

આયાને ફરીથી કાચમાં જોયું. આ વખતે પણ હજારો નાના જીવો દેખાયા, પણ તેઓ શાંતિથી એક જ દિશામાં સરી રહ્યા હતા.

દાદાજીએ કહ્યું, “આ આપણા ‘મિત્ર જીવાણુઓ’ છે, જેમનું નામ છે ‘લેક્ટોબેસિલસ’! આ સુંદર બેક્ટેરિયા દૂધમાંથી દહીં બનાવે છે અને આપણા પેટમાં જઈને ખોરાક પચાવવામાં મદદ કરે છે.”

હવે આયાનની આંખો ખુલી ગઈ હતી. તેને સમજાઈ ગયું કે આપણી આસપાસ એક આખી અદ્રશ્ય દુનિયા વસેલી છે, જે આપણને દેખાતી નથી પણ આપણા સ્વાસ્થ્ય પર બહુ મોટી અસર કરે છે.

તેણે તરત જ સાબુથી બરાબર બે મિનિટ સુધી ઘસીને હાથ ધોઈ નાખ્યા અને ફરીથી પોતાના સાફ હાથનું ટીપું માઈક્રોસ્કોપમાં જોયું. આ વખતે કાચમાં એક પણ ગંદો જીવાણુ દેખાયો નહીં! આયાને દાદાજીને ભેટી પડતા કહ્યું, “દાદાજી, આ જાદુઈ માઈક્રોસ્કોપે તો મારી આંખો ખોલી નાખી! હવેથી હું રોજ જમતા પહેલાં અને બહારથી આવ્યા પછી નિયમિત હાથ ધોઈશ અને મારા બધા મિત્રોને પણ આ અદ્રશ્ય દુનિયા અને સ્વચ્છતાનું મહત્વ સમજાવીશ.”

**વાર્તામાંથી બોધઃ** સ્વચ્છતા એ માત્ર દેખાડો નથી, પરંતુ આપણી આસપાસની અદ્રશ્ય દુનિયાના હાનિકારક કીટાણુઓ સામે રક્ષણ મેળવવાની સૌથી શક્તિશાળી ઢાલ છે.

# જમીન પર નહીં પાણી પર રહે છે અહીંના લોકો




પાણી પર વસેલું આ અનોખું ગામ અને અહીંના લોકોનો ઇતિહાસ આજે સૌ કોઈ મોટી મોટી મિસાલ બની ચૂક્યો છે. અહીં મોટા ભાગે માછીમાર લોકો રહે છે. જે માછલી પકડી પોતાનું જીવન નિર્વાહ કરે છે. હવે તમે વિચારી રહ્યા હશો કે આખરે આટલા બધા ઘર પાણી પર કેવી રીતે બન્યા? તો જણાવી દઈએ કે, દક્ષિણ થાઈલેન્ડની પંગ નગા ખાડીના છીછરા અને શાંત પાણીના કારણે માછીમારોએ પાણી ઉપર મજબૂત થાંભલા લગાવ્યા અને તેના પર ઘર બનાવ્યા છે.

આજે આ તરતા ગામમાં લગભગ ત્રણસોથી વધારે પરિવાર અને દોઢ હજારથી વધારે લોકો રહે છે. આ તમામ લોકોના મૂળ ઇન્ડોનેશિયા સાથે જોડાયેલા છે. જે લગભગ બસો વર્ષ પહેલા દરિયો પાર કરીને અહીં આવ્યા હતા. જૂના સમયમાં થાઈલેન્ડના કાયદા અનુસાર, વિદેશીઓને જમીન ખરીદવાની મંજૂરી નહોતી. આ કાયદાના કારણે તોહ બાબૂ અને તેમના સાથીઓએ જમીન પર કબજો કરવાની જગ્યા દરિયાની અંદર થાંભલા ખોડીને પોતાના ઘર બનાવ્યા.



સમયની સાથે પેઢીઓ બદલાઈ અને આ નાનો એવો પડાવ એક સંપન્ન અને આત્મનિર્ભર ગામમાં બદલાઈ ગયો. આજે આ અનોખા ગામમાં બાળકોના અભ્યાસ માટે સ્કૂલ, એક ભવ્ય મસ્જિદ, હેલ્થ સેન્ટર, નાની નાની દુકાનો, પર્યટકો માટે રેસ્ટોરન્ટ પણ આવેલી છે. આ ઉપરાંત અહીં તરતું ફૂટબોલ ગ્રાઉન્ડ પણ આખી દુનિયા માટે ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

જો કે આ ગામનો મુખ્ય વ્યવસાય તો માછલી પકડવાનો છે. પણ છેલ્લા કેટલાય વર્ષોથી પર્યટને સ્થાનિક લોકોની આજીવિકાને નવું બળ આપ્યું છે. આજના સમયમાં જ્યાં અડધી વસ્તી પર્યટન સેવાઓ સાથે જોડાયેલી છે. વળી લગભગ ચાલીસ ટકા લોકો આજે પણ દરિયામાં માછલી પકડીને જીવન જીવે છે. આધુનિકતાના યુગમાં પણ આ સમુદાયે પોતાની પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાઓને મજબૂતી સાથે સાચવી રાખી છે. અહીંનો નજારો પર્યટકોને એક અલગ જ દુનિયાનો અનુભવ કરાવે છે.

## બર્થ ડે



નામ : મો. વારિસ મુલ્લા
માતા : કનીઝ ફાતેમા મુલ્લા



નામ : ઈશાંત સેલર
માતા : રેશ્મા સેલર

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## શબ્દો શોધો




| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| C | H | I | C | K | A | Z | S | H | O | R | E |
| H | O | S | U | N | D | U | F | E | G | U | N |
| I | L | M | V | B | U | E | X | C | O | W | E |
| Q | P | R | T | I | C | K | S | U | A | I | Y |
| K | J | D | O | N | K | E | Y | T | T | N | C |
| D | B | O | R | A | T | S | N | O | W | E | H |
| R | L | G | O | N | E | O | K | N | A | M | I |
| A | O | N | S | H | E | E | P | U | N | R | C |
| B | E | D | R | O | O | M | I | L | U | N | K |
| B | O | W | L | R | U | N | G | O | O | S | E |
| I | N | D | O | S | K | Y | B | I | S | M | N |
| T | U | R | K | E | Y | W | I | T | H | I | N |




**ડો. ચંદ્રેશ જરદોશ**

## SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 6 | | 4 | | 2 | = | 10 |
| 2) | 8 | | 6 | | 4 | | 2 | = | 10 |
| 3) | 8 | | 6 | | 4 | | 2 | = | 12 |

## CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | A | N |
| | | |
| | | |
| L | I | P |

## CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 4 |
| | 5 | |
| 2 | | |

વર્તુળો: 20, 26 (ઉપર); 20, 24 (નીચે)

## BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 ટીવી ચેનલોના નામ બનાવો. દા.ત. LI EF OK = LIFE OK

| | | | | | |
|---|---|---|---|---|---|
| LO | FO | US | JT | HA | PL |
| AR | RA | ERY | CO | FO | OV |
| OD | NY | AK | DI | SO | ST |
| SC | SA | | AA | RS | OD |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 6 અક્ષર | 3 |
| 8 અક્ષર | 2 |
| 9 અક્ષર | 1 |

જવાબ: SONY, COLORS, SAHARA, AAJTAK, STARPULS, FOOD FOOD, DISCOVERY

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | - | 6 | × | 4 | + | 2 | = | 10 |
| 2) | 8 | × | 6 | ÷ | 4 | - | 2 | = | 10 |
| 3) | 8 | + | 6 | - | 4 | + | 2 | = | 12 |

Q2

| | | |
|---|---|---|
| C | A | N |
| C | A | P |
| L | A | P |
| L | I | P |

Q3

| | | |
|---|---|---|
| 1 | 8 | 4 |
| 6 | 5 | 9 |
| 2 | 7 | 3 |

વર્તુળો: 20, 26 (ઉપર); 20, 24 (નીચે)